# <u>ખેડુત ઉપયોગી ભલામણ</u>

કીટકશાસ્ત્ર વિભાગ, ન. મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારી ખાતે રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના 'મોજણી અને નિગાહ આધારિત પાક રોગ જીવાત પૂર્વાનુમાન પધ્ધતિ' હેઠળ નવસારી તેમજ તાપી જીલ્લામાં રીંગણના પાકમાં ફળ અને ડૂંખ કોરી ખાનાર ઈયળનો ઉપદ્રવ માલુમ પડેલ છે જેના નિયંત્રણ માટે ખેડૂતોને નીચે મુજબના પગલા હાથ ધરવા જણાવવામાં આવે છે.

ફળ અને ડૂંખ કોરી ખાનાર ઈયળ પાકની શરૂઆતની અવસ્થાએ મધ્ય ડૂંખમાં દાખલ થઈ પર્ણદંડ કોરી ખાય છે જેથી ઉપદ્રવિત ડૂંખ ચીમળાઈને સુકાય જાય છે. ફુલ અવસ્થાએ ઈયળ કળી તેમજ ફળને કોરીને નુકશાન કરે છે પરિણામે કળીઓ ખરી પડે છે. ઈયળ ફળમાં ડીટાનાં નીચેના ભાગેથી દાખલ થઈ ફળને અંદરથી કોરીને નુકશાન કરે છે.

**નિયંત્રણઃ**

- ખેતરમાં ડૂંખ અને ફળ કોરી ખાનાર ઈયળનાં ફેરોમોન ટ્રેપ હેકટરે ૪૦ મુજબ લગાડવાથી આ કીટકનો ઉપદ્રવ ઘટાડી શકાય છે. આ પ્રકારના ટ્રેપ બજારમાં ઉપ્લબ્ધ છે.
- આ કીટકના ઉપદ્રવની શરૂઆત થયેલ હોય ત્યારે ૧૦ લીટર પાણીમાં લીમડાના મીંજ ૫૦૦ ગ્રામ ભેળવી તૈયાર કરેલ દ્રાવણનો છંટકાવ કરવાથી નિયંત્રણ થઈ શકે છે તેમજ રાસાયણિક નિયંત્રણ માટે કવીનાલફોસ ૨૫ % ઈસી ૨૦ મીલી અથવા ડાયકલોરવોસ ૭૬ % ૫ મીલી અથવા ડેલ્ટામેથ્રીન ૧ % + ટ્રાયઝોફોસ ૩૫% (૩૬ % ઈસી) ૧૦ મીલી દવા ૧૦ લીટર પાણીમાં મિશ્ર કરી છોડ સારી રીતે ભીંજાય તે રીતે છંટકાવ કરવો. જરૂર જણાયે ૧૫ દિવસ બાદ ફરીથી બીજો છંટકાવ કરવો.

| | |
|---|---|
|  |  |
| **ફળ અને ડૂંખ કોરી ખાનાર ઈયળનુ ફળ પર નુકશાન** | **ફળ અને ડૂંખ કોરી ખાનાર ઈયળનુ ડૂંખ પર નુકશાન** |